ઘોઘંબાની શ્વેતા ચેરિ. ટ્રસ્ટ: એક પિતાએ દીકરીના વિરહને સેવામાં બદલ્યો

સેવાભાવી દરજીએ કપડાં સીવતાં - સીવતાં અનેક પરિવારોના ભાગ્ય સીવ્યા

ભાસ્કરન્યૂઝ | ઘોઘંબા

ઘોઘંબા ખાતે રહીને સેવાકીય પ્રવૃત્તિઓ કરતા કનુભાઇ પરમારની દીકરી શ્વેતાનું આકસ્મિક મૃત્યુ થતાં તેમણે દરજીકામમાંથી શ્વેતા એન્ટરપ્રાઇઝના નામે દરેક સ્કૂલોના યુનિફોર્મ બનાવવા માટેનું પોતાનું કારખાનું શરૂ કર્યું. ગુજરાત લેવલમાં દરેક સ્કૂલમાં તેઓ સ્કૂલના યુનિફોર્મ પહોંચાડવા લાગ્યા હતા.

ધીમે ધીમે પોતાની પુત્રીના મૃત્યુ પછી શ્વેતા ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી. જરૂરિયાતમંદો પાછળ પોતાનું જીવન વ્યતીત કરતા ઘોઘંબાના રહીશ એવા કનુભાઇ પરમાર પોતાની પત્ની મમતા પરમારની સાથે રહી અનેક જરૂરિયાતમંદ બાળકોને સ્કૂલોમાં મફત કપડા વિતરણ કરવા લાગ્યા. તે ઉપરાંત અનેક સ્કૂલ અને છાત્રાલયોમાં અનેક વખત ભોજન અને કપડા વિતરણ કરતા. તે ઉપરાંત કનુભાઇ પાવાગઢ જતા આવતા યાત્રાળુ માટે વિસામો શરૂ કરી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. વૃદ્ધાશ્રમોમાં પણ જાતે જઇને ઘરડાઘરમાં વૃદ્ધ માતા પિતાઓને કપડાં અને ભોજનની વ્યવસ્થા કરે છે. આમ શ્વેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કનુભાઇ અને મમતાબેનના સાથ સહકારથી અનેક જરૂરિયાત મંદોને ઘણી બધી સહાય મળી રહે છે.

કનુભાઈ પાવાગઢ ચાલતા સંઘ પણ લઇ જાય છે. તેઓ પોતે પણ વર્ષોથી પગપાળા પાવાગઢ જતા હતા. તે ઉપરાંત નવરાત્રીમાં અનેક લોકોને પાવાગઢ ચાલતા લઇ જઇને જમવા રહેવાની તમામ વ્યવસ્થા કરીને અનેક ચેરિટી કાર્યક્રમોનું આયોજન કરે છે. હાલ શ્વેતા એન્ટરપ્રાઈઝની પોતાની ફેક્ટરી પર અનેક વિધવાઓને રોજીરોટી પણ આપી રહ્યાં છે. જ્યારે આજે પણ દર અમાસે અને પૂનમે ગરીબ બાળકોને ભોજન કપડાં આપે છે. તેમજ વૃદ્ધાશ્રમમાં રૂબરૂમાં જઇને હજારો લોકોને જમાડીને અમાસ અને પૂનમ તેઓની સાથે જ ઉજવતાં હોય છે.

ઘોઘંબાની શ્વેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કપડાં સીવીને જરૂરિયાતમંદ ને વિતરણ કરવામાં આવ્યું હતું.

રોંગ સાઈડ આવતી કારે સ્કૂટીને અડફેટે લેતાં યુવકના બંને પગે ફ્રેક્ચર

દાહોદ.લીમડી બાયપાસ હાઈવે પર હનુમાન ટેકરી સામે ગઈકાલે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ઝાલોદના કાળીયા તળાવ ગામે જાનમાં ગયેલા પારેવા ગામના મનોજભાઈ પલાસ સ્કૂટી લઈને પરત ફરી રહ્યા હતા. ત્યારે દાહોદ તરફથી પુરઝડપે અને રોંગ સાઈડ આવતી GJ-34-N-9997 નંબરની વેગનઆર કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મનોજભાઈને બંને પગના સાથળના ભાગે ગંભીર ફ્રેક્ચર અને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક ઝાયડસ હોસ્પિટલ ખસેડાયા હતા અને ત્યારબાદ વધુ સારવાર દાહોદની ખાનગી હોસ્પિટલમાં આપવામાં આવી હતી. સારવાર બાદ ભોગ બનનારની પત્ની સોનલબેન પલાસે ફરાર થયેલા કાર ચાલક વિરુદ્ધ લીમડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

હાલોલ કોર્ટે ચેક રિટર્ન કેસમાં 6 માસની સજા ફટકારી, વળતર ચૂકવવા હુકમ કરાયો

ભાસ્કરન્યૂઝ | હાલોલ

કાલોલના ડેરોલ સ્ટેશન વિસ્તારના ભાવિકકુમાર ભારતસિંહ સોલંકી પાસેથી ધીનલ રવીન્દ્રભાઈ શાહ રહે.સહજાનંદ ફ્લેટ માંજલપુર, વડોદરા તથા આકાશ દીનેશચંન્દ્ર જાની કે જેઓ બન્ને સયુંક્ત રીતે ઈમીગ્રેશનની કન્સલટન્સી કરતા હતા. તેથી ભાવિકે શાહ તથા આકાશ જાનીનો ઈમીગ્રેશન વિઝા મેળવવા માટે ભાવિકે ધીનલ શાહનાં ખાતામાં 2.37 લાખ અને આકાશ જાનીનાં ખાતામાં 3.36 લાખ જમા કરાવેલા હતા. તેથી ધીનલ શાહ તથા આકાશ જાનીએ વિશ્વાસ આપેલ કે ફરીયાદીની ઈમીગ્રેશન વિઝાની પ્રક્રીયા ટુંકસમયમાં કરી દેશે. તે બાદ ભાવિકને વિઝાની પ્રોસેસ ચાલુ જ છે તેમ વારંવાર જણાવતા હતા.

તે બાદ ભાવિકને જાણવા મળેલ કે ધીનલ તથા આકાશ જાની આ કામ માટે લાયક નથી કે તેમને તે કામગીરીનો કોઈ અનુભવ નથી. તેથી તેઓની પાસે તેમનાં પૈસા પાછા માંગતા ધીનલે 2.37 લાખનો યસ બેંક વડોદરાનો ચેક આપેલ ત્યારબાદ સદર ચેક ભાવિકે તેની પાકતી તારીખે ખાતામાં નાખતા વણસ્વીકારાયે એકાઉન્ટ બ્લોકડનાં શેરા સાથે પરત ફરતા ભાવિકે વકીલ મારફતે હાલોલ કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ-138 મુજબની ફરીયાદ ક્રિમીનલ કેસ.દાખલ કર્યો હતો. ફરિયાદ પક્ષનાં વકીલ ધવલ કે.પારેખની દલીલને તથા રજુ કરેલ સવોચ્ચ અદાલતનાં ચુકાદાઓને ધ્યાને લઈ હાલોલ જયુ. ફર્સ્ટ કલાસ મેજી. એચ.એચ.વિશ્નોઈએ પડેલ પુરાવાઓનું યોગ્ય અને સચોટ મુલ્યાંકન કરી આરોપી ધીનલ શાહને તકસીરવાન ઠરાવી 6 માસની સાદી કેદની સજાનો હુકમ તથા ચેકની રકમ 2.37 લાખ પુરા ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરેલ છે.

5000નો દંડ ભરવાનો હુકમ કરેલ છે તેમજ જો ફરીયાદીને વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ 1 માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

ભરૂચ શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ ઘટ્યો

ભરૂચ : છેલ્લા કેટલાક સમયથી મચ્છરોના ત્રાસથી પરેશાન ભરૂચના નાગરિકો માટે રાહતના સમાચાર આવ્યા છે. નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી સફાઈ ઝુંબેશ અને જંતુનાશક દવાઓના છંટકાવને પરિણામે શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ નોંધપાત્ર રીતે ઘટ્યો છે. જેને પગલે સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો છે.ભરૂચ નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના તમામ વોર્ડમાં સમયાંતરે ફોગિંગ મશીન ફેરવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ગટર લાઈનો અને પાણી ભરાઈ રહેતા નીચાણવાળા વિસ્તારોમાં એન્ટી-લાર્વા ઓઈલનો છંટકાવ કરવામાં આવતા મચ્છરોની ઉત્પત્તિ પર રોક લાગી છે.

વીણા નજીક કારની ટક્કરે મોપેડ ચાલક ઈજાગ્રસ્ત

ભાસ્કરન્યૂઝ | નડિયાદ

મહુધાના નંદગામમાં રહેતા અજય સોઢા પરિવાર સાથે રહીને અભ્યાસ કરે છે.તા.27 એપ્રિલ ની ભત્રીજીને લેવા માટે વીણા પાટિયા જવા મોપેડ લઇ જતા હતા તે સમયે એક કારના ચાલકે અજયના મોપેડને અડફેટ મારી અકસ્માત સર્જાયો હતો.જેથી યુવક મોપેડ સાથે રોડ પર પટકાતા શરીરે ઈજા પહોંચી હતી.આ બાદ ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર અર્થે નડિયાદ ખસેડાયો હતો ત્યારે અકસ્માત સર્જનાર કારનો ચાલક કાર મૂકીને ફરાર થઈ ગયો હતો.

કપડવંજના મોરડીયા વહેરા પાસે જુગાર રમતા 6 ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | નડિયાદ

કપડવંજ ટાઉન પોલીસ ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે તૈયબપુરા સીમ વિસ્તારમાં આવેલા મોરડીયા વહેરાની ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પત્તા પાનાનો જુગાર રમી રહ્યા છે. જે અન્વયે પોલીસે બાતમી આધારિત સ્થળે દરોડો પાડ્યો હતો. ત્યાં જુગાર રમી રહેલા ઈલ્યાઅલી સૈયદ, સમીરઅલી સૈયદ, આશીફ અબ્દુલભાઇ મન્સૂરી, તોફીકમિયા મલેક, ઈસુબઅલી સૈયદ અને જુબેરઅલી સૈયદને ઝડપી પાડયા હતા.

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ

આપનો વાત્સલ્ય અમારો પ્રાણ છે , આપના સંસ્કાર વારસો કુટુંબ પ્રત્યે પ્રેમ એજ અમારી મૂડી છે . આપની જીવન જીવવાની સાચી રીત આપ પરિવારને શીખવી ગયા છો . આપે પોતે સંઘર્ષ કરી કુટુંબને સમૃદ્ધ બનાવી અમો સૌને સુખ આપી ગયા છો . પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુ પાસે પ્રાર્થના....

સ્વ. કોકીલાબેન મતાભાઈ પારગી
સ્વ.તા. ૦૪/૦૫/૨૦૨૧

રિ.
પારગી મતાભાઈ સળીયાભાઈ (પતિ)
પારગી અનિલભાઈ મતાભાઈ (પુત્ર)
પારગી રીતેશભાઈ મતાભાઈ (પુત્ર)
પારગી સુભાષભાઈ મતાભાઈ (પુત્ર)
પારગી પંકજભાઈ મતાભાઈ (પુત્ર)
તથા સમસ્ત પારગી પરિવાર મોટીઢેલી (સુડીદેવી ઠલિયા), તા. સુખસર

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જીવન એવું જીવી ગયા કે સૌના પર્યદર્શક બની ગયા. શૂન્યમાંથી સર્જન કર્યું, પોતે ઘસાઇને કુટુંબ માટે કુવો ખાચરી ગયા, તમારૂ ધૂપસળી જેવું સુગંધિત જીવન અમે ક્યારેય નહી ભુલીએ, આપના સંસ્કારોનું સિંચન અમે ક્યારેય નહી ભુલીએ, પ્રકૃતિ આપના હિત્ય, પ્રેમાળ અને પરોપકારી આત્માને શાંતિ આપે એવી જોહકર પ્રાર્થના.

સ્વ. ભીમાભાઈ
દિપાભાઈ સંગાડા
(મેનેજર ઓફ એરિયન્ટલ ઇન્સ્યોરન્સ)
સ્વ.તા. 4-5-2021
મુ.પો. મુડાલેડા, તા. ઝાલોદ

રિ.
વેલાબેન ભીમાભાઈ સંગાડા (પત્ની)
જ્યોતિકાબેન અનિલકુમાર ગણાવા (પુત્રી)
અનિલકુમાર રેમજીભાઈ ગણાવા (જમાઈ)
સમીતકુમાર ભીમાભાઈ સંગાડા (પુત્ર)
ઉપાબેન સમીતભાઈ સંગાડા (પુત્રવધુ)
મિષ્ટી, માહિર, નિયા, રેયાંશ, હેલિક તથા સમસ્ત સંગાડા પરિવાર

શ્રદ્ધાંજલિ



જન્મ તેનુ મૃત્યુ, ઉદય તેનો અસ્ત, એ સનાતન હોવા છતાં આપ અમારાથી દુર થયા તેના ઘાવ રૂઝાતા નથી. તમારી અણધારી વિદાય આજે પણ અમ સૌને રડાવી રહી છે. આપના આર્શિવાદ અને પ્રેરણા સ્ત્રોત કેમ કરી ભૂલાય, પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. શાંતિલાલ
રાયજીભાઈ પટેલ.
સ્વ. તા: ૦૧/૦૫/૨૦૨૬

રિ.
એચ.બી. પટેલ ડિપ્લોમા
એન્જી. કોલેજ પરિવાર - લિંબોદરા

પાંચમી વાર્ષિક પુણ્યતીથીએ શ્રદ્ધાંજલિ

પળે પળે યાદ આવો છો અમને સદાય તમારી ખોટ રહેશે. સરી ગયો સમય આપની સ્મૃતિને સંભાળતા વિતી ગયા છે. વર્ષો આપની યાદો વગોળતા આંખો હજી નિહાળે છે. તમને અંતર હજી પોકારે છે. તમારું સ્મરણ થાય છે ત્યારે મન મુકીને રડાયે છે અમને કલ્પી ન શકાય એવી તમારી અણધારી વિદાય કાળજું કંપાવી ગઇ મન હજી માનતુ નથી. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. મધુબેન
મોઘજીભાઈ ડામોર
જન્મ તા. 01-06-1967,
સ્વ. તા. 04-05-2021
મુ.પો. ભાણાસીમલ
તા. સંતરામપુર જિ. મહિસાગર

રિ.
મોઘજીભાઈ વેચાતભાઈ ડામોર - પતિ
અલ્પેશકુમાર મોઘજીભાઈ ડામોર - પુત્ર
સુમિત્રાબેન અલ્પેશકુમાર ડામોર - પુત્રવધુ
જીયાબેન અલ્પેશકુમાર ડામોર - પૌત્રી
સમીરકુમાર અલ્પેશકુમાર ડામોર - પૌત્ર
ડો. નિતિનકુમાર મોઘજીભાઈ ડામોર - પુત્ર
પિનલબેન નિતિનકુમાર ડામોર - પુત્રવધુ
આર્ચી નિતિનકુમાર ડામોર - પૌત્રી
મિતાંશ નિતિનકુમાર ડામોર - પૌત્ર
મો. 9879725056

હાર્દિક શ્રદ્ધાંજલિ

સ્વ. શાંતિલાલ રાયજીભાઈ પટેલ
જન્મ તા. : ૧૬/૧૦/૧૯૫૯ સ્વ. તા. ૦૧/૦૫/૨૦૨૬ શુક્રવાર

હે નાથ!
જોડી હાથ પાયે પ્રેમથી એ માંગીએ,
શરણ મળે સાચુ તમારુ એ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો
પરમાત્મા એ આત્માને શાંતી સાચી આપજો એજ પ્રાર્થના.

રિ.
શશિકાન્ત આર.પટેલ
રીન્કુબેન એસ.પટેલ
રાજેશકુમાર આર.પટેલ
રીનલબેન આર.પટેલ
તથા નાલંદા સ્કૂલ પરિવાર
(ગોધરા ભુરાવાન / બામરોલી યુનિટ, હાલોલ / વડોદરા યુનિટ)

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

પરિશિષ્ટ - ૪-એ [રૂલ ૬ (૨) અને ૮ (૬) માટે પ્રોવીસો જુઓ]

શાખા: ગાંધી ચોક
તા. ગોધરા, જિલ્લો - પંચમહાલ

બેંક ઑફ બડૌદા Bank of Baroda

સ્થાવર મિલકતોની ઈ-હરાજી થી વેચાણ નોટીસ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના અંતર્ગત, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) સાથે વંચાતી.

આથી જાહેર જનતા તથા દેવાદાર (રો) ગિરવેદાર (રો) અને જામીનદાર (રો) ને ખાસ કરીને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલા જે બેંકમાં સ્થાવર મિલકત ગીરવે / ચાર્જમાં મુકેલ તેનો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી શ્રી દ્વારા કબ્જો લીધેલ છે. સદરહુ મિલકતો સિક્યોર્ડ લેણદાર બેંક ઓફ બરોડા દ્વારા બેંકની બાકી નિકળતી રકમ તથા લાગુ પડતું વ્યાજ અને અન્ય ખર્ચાઓ ની વસુલાત માટે "જેમ છે ત્યાં છે", "જે છે તે છે", અને "જે છે ત્યાં છે" ના ધોરણે વેચાણમાં મુકવામાં આવેલ છે. દેવાદારો / ગિરવેદાર / જામીનદારો / મિલકતો / બાકી લ્હેણાં / અનામત કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય / અર્નેસ્ટ મની ડીપોઝીટ અને બીડ વધારવાની રકમ નીચે મુજબ જણાવવામાં આવે છે :-

અનુ./ લોટ નં.	ઉધારકર્તા/ઓ / જામીનદાર/ઓ ગિરવેદાર/ઓના નામ અને સરનામું	કુલ બાકી લ્હેણાં	ઈ-હરાજીની તારીખ અને સમય	અનામત કિંમત ઈએમડી બીડ વધારવાની રકમ	ઈએમડી શરૂ તારીખ અને સમય	કબજાની સ્થિતી (સાંકેતીક / પ્રત્યક્ષ)	મિલકતની નિરીક્ષણની તારીખ અને સમય
૧.	મેસર્સ શ્રી યમુના ટ્રેડર્સ, સરનામું - વ્રજધામ "૫૭", માં ગાયત્રી નગર, ગોવર્ધન નાથજી હવેલી પાસે, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત – ૩૮૯૦૦૧ શ્રીમતી કિર્તીબેન પ્રકાશભાઈ જોબનપુત્રા (ભાગીદાર અને જામીનદાર અને ગિરવેદાર) શ્રી રૂપેશ પ્રકાશ જોબનપુત્રા (પ્રોપ્રાઈટર)	રૂા. ૨,૧૨,૫૩,૪૪૫/- + બિન લાગુ વ્યાજ + અને ચાર્જીસ જો કોઈ રિકવરી હોય તો બાદ કરતા	૦૪.૦૬.૨૦૨૬ બપોરે ૨ વાગ્યે થી ૬ વાગ્યા સુધી	૧) રૂા.૬૨,૧૬,૦૦૦/- ૨) રૂા.૬,૨૧,૬૦૦/- ૩) રૂા.૧૦,૦૦૦/-	૦૨.૦૫.૨૦૨૬ થી ૦૪.૦૬.૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦	સાંકેતિક	૦૨.૦૫.૨૦૨૬ થી ૦૪.૦૬.૨૦૨૬ ના સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦

સ્થાવર મિલકતનું ટૂંકુ વર્ણન જેમાં જાણીતો બોજો હોય, (ગિરવેદાર: શ્રીમતી કિર્તીબેન પ્રકાશભાઈ જોબનપુત્રા) – શ્રીમતી કિર્તીબેન પ્રકાશ જોબનપુત્રાની માલિકીની સમુચિત સ્થાવર મિલકત જે પ્લોટ નં. ૫૭ ખાતે સ્થિત, રેવન્યુ સર્વે નં. ૨૫૨(પી) "માં ગાયત્રી નગર" માં સ્થિત, આવેલ મ્યુનિસિપલ ઘર નં. ૪/૧/એમયુએન/૫૭ ક્ષેત્રફળ જમીન એરિયા ૧૫૪.૦૦ સ્કે.મીટર્સ, બાંધકામ એરિયા ૨૮૩૦ સ્કે.ફુટ, કાર્પેટ એરિયા ૨૮૦૦ સ્કે.ફુટ ગોધરા ખાતે સ્થિત, તાલુકા ગોધરા, ડિસ્ટ્રીક્ટ: પંચમહાલ, ગુજરાત ખાતે આવેલ સમગ્ર મિલકત જેની ચર્તુ:સીમા: પ્લોટ નં. ૫૭: પૂર્વ: ૬.૦૦ મીટર રોડ, પશ્ચિમે: કોમન પ્લોટ, ઉત્તરે: પ્લોટ નં. ૫૮ની જમીન, દક્ષિણે: રે.સ.નં. ૨૬૪ પૈકીની જમીન.

આ નિયમો અને શરતો માત્ર સાંકેતિક કબજા માટે છે. ૧. મિલકત સાંકેતિક કબજામાં છે અને બિડર તેના / પોતાના જોખમ અને જવાબદારી પર સાંકેતિક કબજામાં મિલકત ખરીદે છે. ૨. બેંક મિલકતનો કબજો સાંકેતિક રીતે જ સોંપશે અને સફળ હરાજી બિડર / ખરીદનાર બેંક પાસેથી પ્રત્યક્ષ કબજો મેળવવાનો દાવો કરશે નહીં. ૩. પ્રત્યક્ષ કબજો સોંપવા માટે બેંક જવાબદાર અથવા ફરજ બંધાયેલ રહેશે નહીં. ૪. સફળ હરાજી ખરીદનાર કોઈપણ એકમાં કોઈપણ વ્યાજનો દાવો કરવા માટે હક્કદાર રહેશે નહીં, પૈસા પરત કરવાનો કેસ. ૫. સફળ હરાજી ખરીદનારે ઈ-હરાજી પછી તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની ખાતરી કરતી ઘોષણા કમ બાંયધરી સબમિટ કરવી પડશે. ૬. વેચાણ પછી જો સફળ બિડર ડિક્લેરેશન કમ અન્ડરટેકિંગ સબમિટ કરવામાં નિષ્ફળ જાય, તો બિડની ઈએમડી રકમ જપ્ત કરવામાં આવશે.

ઉધારકર્તા, જામીનદાર અને ગિરવેદાર માટે ૧૫/૩૦ દિવસની કાયદાકીય વેચાણ નોટીસ • વેચાણની શરતો અને નિયમો માટે કૃપા કરી મુલાકાત લો વેબસાઈટ લીંક : https://www.bankofbaroda.in/e-auction.htm અને ઓનલાઈન હરાજી પોર્ટલ https://baanknet.com જોઈ જવી. મિલકતને લગતી કોઈપણ પૂછ પરછ માટે બેંકના અધિકૃત અધિકારી, મોબાઈલ : ૯૮૮૬૬૮૮૯૧૪ નો સંપર્ક કરવો.

તારીખ : ૦૧.૦૫.૨૦૨૬, સ્થળ : ગોધરા

સહી/-, અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

શરતો અને નિયમોની વિગતો માટે અહીં સ્કેન કરો

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

પરિશિષ્ટ - ૪-એ [રૂલ ૬ (૨) અને ૮ (૬) માટે પ્રોવીસો જુઓ]

શાખા: ગાંધી ચોક
તા. ગોધરા, જિલ્લો - પંચમહાલ

બેંક ઑફ બડૌદા Bank of Baroda

સ્થાવર મિલકતોની ઈ-હરાજી થી વેચાણ નોટીસ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના અંતર્ગત, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) સાથે વંચાતી.

આથી જાહેર જનતા તથા દેવાદાર (રો) ગિરવેદાર (રો) અને જામીનદાર (રો) ને ખાસ કરીને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલા જે બેંકમાં સ્થાવર મિલકત ગીરવે / ચાર્જમાં મુકેલ તેનો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી શ્રી દ્વારા કબ્જો લીધેલ છે. સદરહુ મિલકતો સિક્યોર્ડ લેણદાર બેંક ઓફ બરોડા દ્વારા બેંકની બાકી નિકળતી રકમ તથા લાગુ પડતું વ્યાજ અને અન્ય ખર્ચાઓ ની વસુલાત માટે "જેમ છે ત્યાં છે", "જે છે તે છે", અને "જે છે ત્યાં છે" ના ધોરણે વેચાણમાં મુકવામાં આવેલ છે. દેવાદારો / ગિરવેદાર / જામીનદારો / મિલકતો / બાકી લ્હેણાં / અનામત કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય / અર્નેસ્ટ મની ડીપોઝીટ અને બીડ વધારવાની રકમ નીચે મુજબ જણાવવામાં આવે છે :-

અનુ./ લોટ નં.	ઉધારકર્તા/ઓ / જામીનદાર/ઓ ગિરવેદાર/ઓના નામ અને સરનામું	કુલ બાકી લ્હેણાં	ઈ-હરાજીની તારીખ અને સમય	અનામત કિંમત ઈએમડી બીડ વધારવાની રકમ	ઈએમડી શરૂ તારીખ અને સમય	કબજાની સ્થિતી (સાંકેતીક / પ્રત્યક્ષ)	મિલકતની નિરીક્ષણની તારીખ અને સમય
૩.	મેસર્સ વ્રજ એન્ટરપ્રાઈઝ, સરનામું - વ્રજધામ "૫૭", માં ગાયત્રી નગર, ગોવર્ધન નાથજી હવેલી પાસે, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત – ૩૮૯૦૦૧ શ્રીમતી પુનમ રૂપેશ જોબનપુત્રા (પ્રોપ્રાઈટર અને ગિરવેદાર)	રૂા. ૧,૯૭,૦૫,૨૩૪.૦૮/- + બિન લાગુ વ્યાજ + અને ચાર્જીસ જો કોઈ રિકવરી હોય તો બાદ કરતા	૦૪.૦૬.૨૦૨૬ બપોરે ૨ વાગ્યે થી ૬ વાગ્યા સુધી	૧) રૂા.૩૯,૩૧,૦૦૦/- ૨) રૂા.૩,૬૩,૧૦૦/- ૩) રૂા.૧૦,૦૦૦/-	૦૨.૦૫.૨૦૨૬ થી ૦૪.૦૬.૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦	સાંકેતિક	૦૨.૦૫.૨૦૨૬ થી ૦૪.૦૬.૨૦૨૬ ના સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦

સ્થાવર મિલકતનું ટૂંકુ વર્ણન જેમાં જાણીતો બોજો હોય, (ગિરવેદાર: શ્રીમતી પુનમ રૂપેશ જોબનપુત્રા) – ભાગ એ: શ્રીમતી પુનમ રૂપેશ જોબનપુત્રાની માલિકીની મિલકત જે જૂનો રેવન્યુ સર્વે નં. ૨૫૦ પૈકી ૫ ખાતે સ્થિત, નવો સી.એસ.નં. એનએ ૨૫૦ / પૈકી / ૫૫, પ્લોટ નં. ૫૫ ક્ષેત્રફળ ૭૦.૦૦ સ્કે.મીટર્સ બિનખેતીલાયક જમીન જે ગોધરા કસ્બા ખાતે સ્થિત, તા. ગોધરા, ડિસ્ટ્રીક્ટ પીએમએસ ખાતે આવેલ સમગ્ર મિલકત જેની ચર્તુ:સીમા: પ્લોટ નં. ૫૫: પૂર્વ: રે.સ.નં. ૨૫૧ની જમીન, પશ્ચિમે: ૬.૦૦ મીટર રોડ, ઉત્તરે: પ્લોટ નં. ૫૪, દક્ષિણે: પ્લોટ નં. ૫૬. ભાગ બી: શ્રીમતી પુનમ રૂપેશ જોબનપુત્રાની માલિકીની સમુચિત સ્થાવર મિલકત જે જૂનો રેવન્યુ સર્વે નં. ૨૫૦ પૈકી ૫ ખાતે સ્થિત, નવો સી.એસ.નં. એનએ ૨૫૦ / પૈકી / ૫૬, પ્લોટ નં. ૫૬ ક્ષેત્રફળ ૧૧૨.૦૦ સ્કે.મીટર્સ બિનખેતીલાયક જમીન જે ગોધરા કસ્બા ખાતે સ્થિત, તા. ગોધરા, ડિસ્ટ્રીક્ટ પીએમએસ ખાતે આવેલ સમગ્ર મિલકત જેની ચર્તુ:સીમા: પ્લોટ નં. ૫૬: પૂર્વ: રે.સ.નં. ૨૫૧ની જમીન, પશ્ચિમે: ૬.૦૦ મીટર રોડ, ઉત્તરે: પ્લોટ નં. ૫૫, દક્ષિણે: ૬.૦૦ મીટર રોડ.

આ નિયમો અને શરતો માત્ર સાંકેતિક કબજા માટે છે. ૧. મિલકત સાંકેતિક કબજામાં છે અને બિડર તેના / પોતાના જોખમ અને જવાબદારી પર સાંકેતિક કબજામાં મિલકત ખરીદે છે. ૨. બેંક મિલકતનો કબજો સાંકેતિક રીતે જ સોંપશે અને સફળ હરાજી બિડર / ખરીદનાર બેંક પાસેથી પ્રત્યક્ષ કબજો મેળવવાનો દાવો કરશે નહીં. ૩. પ્રત્યક્ષ કબજો સોંપવા માટે બેંક જવાબદાર અથવા ફરજ બંધાયેલ રહેશે નહીં. ૪. સફળ હરાજી ખરીદનાર કોઈપણ એકમાં કોઈપણ વ્યાજનો દાવો કરવા માટે હક્કદાર રહેશે નહીં, પૈસા પરત કરવાનો કેસ. ૫. સફળ હરાજી ખરીદનારે ઈ-હરાજી પછી તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની ખાતરી કરતી ઘોષણા કમ બાંયધરી સબમિટ કરવી પડશે. ૬. વેચાણ પછી જો સફળ બિડર ડિક્લેરેશન કમ અન્ડરટેકિંગ સબમિટ કરવામાં નિષ્ફળ જાય, તો બિડની ઈએમડી રકમ જપ્ત કરવામાં આવશે.

ઉધારકર્તા, જામીનદાર અને ગિરવેદાર માટે ૧૫/૩૦ દિવસની કાયદાકીય વેચાણ નોટીસ • વેચાણની શરતો અને નિયમો માટે કૃપા કરી મુલાકાત લો વેબસાઈટ લીંક : https://www.bankofbaroda.in/e-auction.htm અને ઓનલાઈન હરાજી પોર્ટલ https://baanknet.com જોઈ જવી. મિલકતને લગતી કોઈપણ પૂછ પરછ માટે બેંકના અધિકૃત અધિકારી, મોબાઈલ : ૯૮૮૬૬૮૮૯૧૪ નો સંપર્ક કરવો.

તારીખ : ૦૧.૦૫.૨૦૨૬, સ્થળ : ગોધરા

સહી/-, અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

શરતો અને નિયમોની વિગતો માટે અહીં સ્કેન કરો

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

પરિશિષ્ટ - ૪-એ [રૂલ ૬ (૨) અને ૮ (૬) માટે પ્રોવીસો જુઓ]

શાખા: ગાંધી ચોક
તા. ગોધરા, જિલ્લો - પંચમહાલ

બેંક ઑફ બડૌદા Bank of Baroda

સ્થાવર મિલકતોની ઈ-હરાજી થી વેચાણ નોટીસ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના અંતર્ગત, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) સાથે વંચાતી.

આથી જાહેર જનતા તથા દેવાદાર (રો) ગિરવેદાર (રો) અને જામીનદાર (રો) ને ખાસ કરીને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલા જે બેંકમાં સ્થાવર મિલકત ગીરવે / ચાર્જમાં મુકેલ તેનો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી શ્રી દ્વારા કબ્જો લીધેલ છે. સદરહુ મિલકતો સિક્યોર્ડ લેણદાર બેંક ઓફ બરોડા દ્વારા બેંકની બાકી નિકળત